અજ્ઞાત શોધ

આદિકાળની આ વાત છે. હાડકોંધા નામનું સંપૂર્ણ આદિવાસી વસ્તી ધરાવતું ગામ. ગામમાં અક્ષરજ્ઞાનના નામે મીંડું. ગામમાં ગરીબીએ માજા મૂકેલી. દિવસાંતરે માંડ માંડ કંદમૂળ, ફળો કે શિકાર નસીબ થાય. બિચારાં લોકો ઝરણાંના ઝરાનો આસ્વાદ માણી પેટ ભરે. અનાજ તો જાણે ના જ સમજો.

ગામની ફરતે ઝૂલતા મિનારાની માફક ગગનચુંબી કદાવર વૃક્ષોની હારમાળા. આજુબાજુ ગામની શોભામાં ચાર ચાંદ લગાવતા ડુંગરોએ ડેરો નાંખેલો. વળી, ગામની શોભામાં અભિવૃદ્ધિ કરતાં અવિરણપણે ભોળાં હરણાંની પેઠે ઊછળતાં–કૂદતાં ઝરણાંનો ખળ ખળ ધ્વનિનાદ..... કુદરતે ગામને ઇનામ સ્વરૂપે મન મૂકીને આ કુદરતી નજારો બક્ષિસ આપેલો. જાણે આ આજીવન કુદરતી બક્ષિસનાં પીણાંને ધરાઈને પીધા જ કરીએ;



બસ, પીધા જ કરીએ.

એક વખતની વાત છે. ગામના ચાર–પાંચ જુવાનિયાઓ ભેગા થઈ એક દિવસ શિકાર કરવા નીકળ્યા ! આખા દિવસની રઝળપાટને અંતે લગભગ બે–ત્રણ સસલાં અને વન્ય પક્ષીઓનો શિકાર નસીબ થયો. દિવસાંતે શિકારીઓનાં મુખારવિંદ પર હાસ્યની હેલીએ હા–માં–હા મિલાવી. સૌ શિકારીઓ જંગલમાં એક વ્યવસ્થિત જગ્યાએ ભેગા મળી શિકારના ટુકડા કરી ભાગ પાડવા બેઠા. શિકારની વહેંચણી વખતે શિકારનું માંસ રાખવા માટે કોઈ સાધન ઉપલબ્ધ ન હોવાથી જંગલમાં આજુબાજુથી મોટાં મોટાં ઝાડનાં પાન, વેલા અને ઝાડની છાલના રેસા તોડી લાવી તેમાં માંસ ભેગું કરી પડીકાં બાંધી દીધાં.

હવે બન્યું એવું કે શિકારીઓને જંગલમાંથી ઘરે આવતાં ખાસો સમય નીકળી ગયો. ઘરે આવીને પડીકાં ખોલી જોયું તો સૌ અચરજ પામી ગયા. ઘટના એવી ઘટી કે શિકારીઓએ જે ઝાડપાનમાં માંસના ટુકડા મૂકી પડીકાં બનાવ્યાં હતાં તે માંસના ટુકડા એકબીજા સાથે હારની માફક જોડાઈ ગયેલા હતા. તેથી સૌ શિકારીઓ વિસ્મય પામી ગયા.

ગામમાં લાઈનુદાદા નામે મુખ્ય મોભી હતા. ઉંમરની સાથે સાથે ખાસ્સા અનુભવી તથા જાણકાર. સૌ શિકારીઓ તેમને બોલાવી લાવ્યા અને સંપૂર્ણ ઘટનાક્રમની જાણકારી આપી. લાઈનુદાદાએ અથથી ઇતિ સુધીની વાત સાંભળી એ નિર્ણય પર આવ્યા કે આવતી કાલે આપણે ફરીથી જંગલમાં જઈ તમે લાવેલા પાનની જાત તપાસ કરીશું....પછીની વાત પછી.

બીજે દિવસે આખો રસાલો જંગલમાં પહોંચ્યો અને તે ઝાડને શોધી કાઢી ફરીથી તેનાં પાનનો આ રીતે ઉપયોગ કરવામાં આવ્યો તો, ફરીથી માંસના ટુકડા એકબીજાને ચોંટી ગયા. આ પ્રયોગ પરથી એ વાત સ્પષ્ટ થઈ કે આ ઝાડનાં પાન ભાંગેલા, ટૂટેલા કે કપાયેલા

ભાગને ફરીથી જોડી શકે એવી અલૌકિક શક્તિ ધરાવે છે. અને પરિણામસ્વરૂપ આદિકાળની આ ઘટના પરથી હાડવૈદની અજ્ઞાત શોધ થઈ એવું મનાય છે. અને આજે પણ હાડવૈદનો આ વ્યવસાય પુરજોશમાં ચાલે છે.

– બાલરંજન માંથી

■